| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સમય ગાળો | વર્ષ–માસ–દિવસ<br>૦૦ – ૦૦ – ૨૪ |

**મે. ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં,**
**મુ.નડીયાદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૮/૨૦૨૬**
**આંક–**

**અરજદારો :–** **કિર્તિરાજસિંહ રણદીપસિંહ સોલંકી**
ઉ.વ.૩૦, ધંધો–નોકરી,
રહે. ૦૫, હરિકૃષ્ણ સોસાયટી, કંજરી રોડ,
મુ.હાલોલ, તા.હાલોલ, જિ.પંચમહાલ
(હાલ સબ જેલ બિલોદરા)

**વિરુદ્ધ**

**સામાવાળા :–** **સરકારશ્રી.**

---

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ રેગ્યુલર જામીન અરજી**

---

---

**અરજદારો તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. આર. બ્રહ્મભટ્ટ**
**સામાવાળા સરકાર તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી. આર. બારોટ**
**મૂળ ફરિયાદી તરફે વિદ્વાન વ.શ્રી કે. પી. પટેલ**

---

**-:: ચુકાદો ::-**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી સેવાલીયા પોલીસ સ્ટેશન, ગુ.ર. નં.૧૧૨૦૪૦૬૭૨૫૦૫૧૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૧૦૮, ૮૫, ૧૧૫(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક અધિનિયમની કલમ-૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીની અટક કરી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર/આરોપીએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બી.એન.એસ.એસ એકટની કલમ-૪૮૩ મુજબ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતાં આંક-૪ થી ડી. આર. બારોટ, પી.પી.શ્રીની હાજર પુરસીસ રજૂ થયેલ છે તેમજ આંક-૭ થી એ.આર.ઝાલા, પી.આઈ., સેવાલીયા પોલીસ સ્ટેશનનું સોગંદનામુ રજૂ કરેલ છે. આંક-૯થી મૂળ ફરિયાદપક્ષે રજૂ લેખિત વાંધા વંચાણે લીધા.

(૩) અરજદાર/આરોપીના વિદ્વાન વકીલ શ્રી ડી.આર.બ્રહ્મભટ્ટનાએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, હાલના અરજદાર નિર્દોષ છે અને કોઈ ગુનો કરેલ નથી તેમજ ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ ભજવેલ નથી. અરજદાર/આરોપી ઉપર ખોટા આક્ષેપ કરવામાં આવેલ છે અને અરજદાર/આરોપીએ કોઈ પ્રકારે કજીયા કરી મહેણાટોણા મારેલ નથી કે તેમની પત્ની ઉપર હાથ ઉઠાવેલ નથી કે મરી જવા માટે કોઈ દુષ્પ્રેરણ કરેલ નથી. તેમજ અરજદાર/આરોપીએ તેની પત્ની પાસે કોઈ દહેજની માંગણી કરેલ નથી. તેમજ સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ પણ દાખલ થઈ ગયેલ છે જે જોતા અરજદાર/આરોપીની સદર ગુનામાં સંડોવતો કોઈ પુરાવો નથી તેમજ અરજદાર/આરોપી કુટુંબ કબિલાવાળા છે અને હાલોલ મુકામે સ્થાવર અને જંગમ મિલકત ધરાવતા હોય ક્યાંય નાસીભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નિયમિત ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર રહેશે અને અદાલત જે કોઈ શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર તૈયાર અને ખુશી છે તેમ જણાવીને

અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી. આર. બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરૂદ્ધ સેવાલીયા પોલીસ સ્ટેશન, ગુ.ર.નં. ૧૧૨૦૪૦૬૭૨૫૦૫૧૮/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ-૧૦૮, ૮૫, ૧૧૫(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક અધિનિયમની કલમ-૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. હાલના અરજદાર/આરોપીએ પહેલા દહેજની માંગણી કરી હતી અને જ્યારે દહેજની માંગણી પૂર્ણ ન થઈ ત્યારે તેણે મરણજનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરેલ છે, ઉશ્કેરેલ છે. વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે જો હાલના આરોપીને જામીન આપવામાં આવે તો સાક્ષીઓને ધમકીઓ આપવાની શક્યતા રહેલ છે. જેથી હાલની જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

(૫) આ કામે જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ, તપાસના પેપર્સ, આંક-૦૯ થી રજૂ મૂળ ફરિયાદીના લેખિત વાંધા વંચાણે લીધા તેમજ બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીની રજુઆત સાંભળી. એકંદરે એફ.આઈ.આર., ચાર્જશીટ અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ વંચાણે લેતા આ ગુનાના કામે અરજદાર/ આરોપીની પત્ની મરણ જનાર જયશ્રી સાથે આશરે બે વર્ષ અગાઉ લગ્ન થયેલ હતા અને લગ્નના ટુંકા લગ્નગાળામાં આ કામના અરજદાર આરોપી તથા સહ આરોપી ગીતાબેનનાઓ મરણ જનારને ઘરના નાના મોટા કામકાજ બાબતે કજીયો ઝઘડા કરી મારઝુડ કરી અરજદાર આરોપીએ ધંધો કરવા માટે મરણ જનાર પાસે રૂપિયા બે લાખની દહેજની માંગણી કરી તેમજ મરણ જનારે તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ દિકરીને જન્મ આપેલ હોય જે બાદથી અરજદાર/આરોપી અમારા વંશનું શુ થશે તેમ કહી અવાર નવાર મહેંણા ટોણા મારી અરજદાર/આરોપીએ મરણ જનાર જયશ્રીબેનને અતિશયનો શારીરીક માનસિક ત્રાસ આપી જે ત્રાસ મરણ જનારથી સહન ન થતા સદર મરણજનારને મરવા માટે મજબુર કરેલ હોય તેમજ ફરીયાદીએ મરણજનારના મોબાઈલના વોટસએપન સ્ક્રીન શોટ રજુ કરેલ જેમાં

મરણ જનાર અરજદાર આરોપીને વોટસએપમાં મેસેજ કરેલ હોય જેનો રીપ્લાય આપતા ન હોય જેથી મરણ જનાર જયશ્રીબેન ગઈ તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ ૨૨/૪૫ પહેલાના કોઈપણ સમયે ટીમ્બાના મુવાડા સીમ નર્મદા કેનાલના પાણીમાં પોતે તેમજ તેની ૨૧ માસની દિકરી જાનવીકા સાથે નર્મદા કેનાલના પાણીમાં જાતે પડી આપઘાત કરી પોતાનુ તેમજ પોતાની દિકરી જાનવીકાનું મોત નિપજાવેલ છે અને આરોપીઓ વિરુદ્ધ પુરતા પુરવા હોય ચાર્જશીટ કરેલ છે. વધુમાં આ અગાઉ પણ હાલના અરજદારની જામીન અરજી ના મંજુર થયેલ હતી અને ત્યારબાદ કોઈ નવા સંજોગો બદલાયેલ હોય તેમ જણાતુ નથી તેમજ સમાજમાં અવાર નવાર સ્ત્રી સંબંધે શારીરિક માનસિક ત્રાસ આપી મરવા માટેના બનાવો અવાર નવાર બને છે અને નજીવી બાબતે સાસરીપક્ષના માણસો થકી સ્ત્રીઓ પ્રત્યે અલગ વલણ કરતા ગુનાઓ બનતા હોય જેથી સમાજમાં દાખલો બેસે અને આવા સ્ત્રી અત્યાચારના તેમજ દુષ્પ્રેરણ જેવા ગુનાઓ બનતા અટકે તે માટે અરજદારની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૯) અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી યોગ્ય જણાતું ન હોય, નીચે મુજબનો ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**૧.** અરજદાર/આરોપી કિર્તિરાજસિંહ રણદીપસિંહ સોલંકી (હાલ સબ જેલ બિલોદરા) ની રેગ્યુલર જામીન પર મુક્ત થવાની ફોજદારી પરચુરણ અરજી નં.૧૮૮/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

**હુકમ આજ તા.૧૨મી, માહે : માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.**

તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫

(પી.વાય.સોલંકી)